આપણું પોતાનું અખબાર

ઈ-પેપર gandhinagarsamachar.com

નિર્દોષ નિંદ્રા લેવા માટે જાગૃતાવસ્થામાં નિર્દોષ આચાર-વિચાર હોવા જરૂરી છે - ગાંધીજી

# ગાંધીનગર સમાચાર

વર્ષ : (૨૭) અંક નં. ૬૯ | ૧૯ મે ૨૦૧૨, શનિવાર, વૈશાખ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# જિલ્લાને એટીવીટી માટે ૧૨ કરોડ ફાળવાયા

## વિકાસના કામો આ માસના અંત સુધીમાં સૂચવી દેવા સરકારે કરેલી કડક તાકીદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત વિકાસના કામો માટે રૂ. ૧૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ વસ્તી તેમજ મહેસુલી ગામોની સંખ્યાને ધ્યાને રાખી આ રકમની ફાળવણી કરવામાં આવી છે. જેમાં દહેગામ, કલોલ અને ગાંધીનગરને સવા કરોડ રૂ. તથા માણસા તાલુકાને એક કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત દરેક તાલુકામાં ખાસ વિકાસ કામો માટે દરેક પ્રાંત અધિકારી હસ્તક રૂ. ૨૫ લાખની ફાળવણી કરવામાં આવી છે. આમ ગાંધીનગર જિલ્લાને ચાલુ નાણાંકીય વર્ષમાં રૂ. ૫.૭૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ જ પ્રમાણે ગત વર્ષની પણ આટલી જ રકમની ફાળવણી કરવામાં આવતાં જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ. ૧૨ કરોડની રકમની ફાળવણી કરવામાં આવી છે.

ગઈ કાલે ગાંધીનગર ખાતે જિલ્લા કલેકટરોની મળેલ એક બેઠકમાં મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ રકમમાંથી વિકાસના કામોનું આયોજન કરી આ માસાન્ત સુધીમાં સરકારને તેની વિગતો મોકલી આપવા જણાવ્યું છે.

વિકાસના કામો સૂચવવા માટેની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે અમલીકરણ કરવા માટે પણ તેમણે જણાવ્યું હતું. તેમણે આ અંગે જે વિલેજ પ્રોફાઈલ તૈયાર કરવામાં આવી છે તેનો આધાર બનાવી સમગ્ર આયોજન કરવા માટે જણાવ્યું છે.

શ્રીમતી પટેલે આ કોન્ફરન્સમાં એ.ટી.વી.ટી. કેન્દ્રોની કલેકટરો મુલાકાત લે ને તેની નોંધ તેમની પ્રવાસ ડાયરીમાં કરે એટલું જ નહિ તેમને કેવા પ્રશ્નો અને રજુઆતો મળી તે પણ અલગથી નોંધે તે જોવા જણાવતા આ અંગે કલસ્ટર અધિકારીઓ સાથે સમયાંતરે બેઠકો યોજે અને સર્વગ્રાહી સમીક્ષા કરે તે જોવા પણ જણાવ્યું હતું.

જિલ્લા કક્ષાએ એ.ટી.વી.ટી.ના વિકાસ કામોના આયોજનો તૈયાર કરવા માટેની સૂચનાઓ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

એ.ટી.વી.ટી. અંતર્ગત હાલ ૧૫૨ જેટલી સેવાઓને આવરી લેવામાં આવી છે. અને આગામી દિવસોમાં આ સંખ્યામાં વધારો થશે તેમ મનાઈ રહ્યું છે. મળતી વિગતો મુજબ એ.ટી.વી.ટી. અંતર્ગત અત્યાર સુધીમાં સરકારને ૨૧ લાખથી વધુ અરજીઓ મળી છે અને ૨૦ લાખ જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ થઈ ચુકયો છે.

આગામી દિવસોમાં રાજય સરકારના આ મહત્વાકાંક્ષી પ્રોજેકટ સંદર્ભે કેટલીક મહત્વની જાહેરાતો થશે તેવી શકયતાઓ પણ મહેસુલ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોમાંથી મળી રહ્યા છે.



ગરમી - ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધતું જાય છે... સામાન્ય જનજીવન પર ગરમીની અસર વર્તાઈ રહી છે... નાગરિકો બપોરે બહાર નીકળવાનું ટાળે છે... ખાસ કામ હોય તો જ નાગરિકો શહેરમાં નીકળે છે.... સામાન્ય રીતે પોતાના વાહનો લઈને નીકળતા વાહન ચાલકોને ગરમ પવનનો અહેસાસ થાય છે.... યુવતીઓ અને મહિલાઓ મોઢા પર દુપટ્ટા બાંધીને નીકળે છે... તો માર્ગો પર નાનો-મોટો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવતા વેપારીઓને પણ ગરમીની અસર નડી રહી છે.... ગરાકી ન હોવાથી આરામ ફરમાવી રહેલા આ નાના વેપારીને પણ ગરમીની અસર નડી રહી છે.... (તસવીર : દિપક જાની)

# મનપાના ડે. મેયરની આજે ચૂંટણી

## કોંગીના યુસુફભાઈ પરમારની પુન: નિયુકતી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. મેયરની આજે મળનારી સામાન્ય સભાની બેઠકમાં ચૂંટણી કરવામાં આવશે. કોંગ્રેસ પક્ષે વર્તમાન ડે. મેયર શ્રી યુસુફ પરમારને ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે સભાખંડમાં સામાન્ય સભા મળશે. આ સમાન્ય સભામાં ગઈ બેઠકની કાર્યવાહીને બહાલી અપાયા બાદ તુરત જ ડે. મેયરની ચૂંટણી હાથ ધરવામાં આવશે.

સામાન્ય સભામાં ડે. મેયરની ચૂંટણી એક માત્ર મુદ્દો હોવાથી આ બેઠક ગણત્રીની મિનિટોમાં જ પૂર્ણ થઈ જશે. ભાજપ આ ચૂંટણીમાં પોતાનો ઉમેદવાર ઉભો રાખશે કે નહિ તે અંગે હજુ રાજકીય સસ્પેન્સ છે. જો કે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ૩ બેઠકોની બહુમતિ જ છે પરંતુ ભાજપ હાલ કોઈ આક્રમક મુડમાં નથી અને સર્વાનુમતે ડે. મેયર તરીકે શ્રી યુસુફ પરમારની પુનઃ વરણી થશે તે નિશ્ચિત મનાઈ રહ્યું છે.

ગાંધીનગર કોર્પોરેશનની રચનાને એક વર્ષ પૂર્ણ થતાં ડે. મેયરની ચૂંટણી યોજવામાં આવી રહી છે. આ અગાઉ સ્ટેન્ડીંગ કમિટીના છ સભ્યો નિવૃત્ત થયા હતા અને તેમની પણ પુનઃ નિયુકતી કરવામાં આવી છે જયારે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે શ્રી પ્રવિણ પટેલની પણ પુનઃ નિયુકતી કરવામાં આવી છે. ડે. મેયર તરીકે પણ શ્રી યુસુફ પરમારની પુનઃ નિયુકતી કરવામાં આવશે.

# વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ બેવડાવાશે

## પ્રવેશોત્સવ લોકોત્સવ બને તે રીતે સમગ્ર આયોજન કરવા માટે સરકારના શિક્ષણ વિભાગની સુચનાઓ : આયોજનો તૈયાર કરવામાં તંત્ર વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે દાખલ કરેલ વિદ્યાલક્ષ્મી બોન્ડ અંતર્ગત અપાતી રકમ રૂ. એક હજારને બદલે રૂ. બે હજારના પોષ્ટલ સેવિંગ સર્ટિફિકેટ આપવામાં આવશે.

રાજ્યમાં આગામી ૧૪ થી ૧૬ જૂન દરમ્યાન યોજાનાર પ્રવેશોત્સવ અંગે શિક્ષણ વિભાગ દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રાજ્યના શિક્ષણ વિભાગે આ પ્રવેશોત્સવ દરમ્યાન બોન્ડની રકમ બેવડાવવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં કન્યા કેળવણી નિધિમાંથી અપાતા પુરસ્કારોનું વિતરણ પણ આ પ્રવેશોત્સવ દરમ્યાન કરવામાં આવશે તેમ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. સરકારે આ પ્રવેશોત્સવને બહુહેતુક બનાવવાનો અભિગમ પણ અપનાવવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે. જેમાં આંગણવાડી કેન્દ્રોના જે મકાનો તૈયાર થઈ ગયા હોય તેનું લોકાર્પણ પણ કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકાઓમાં નવા બંધાયેલા ઓરડાઓ તેમજ શાળાઓનું પણ લોકાર્પણ આ પ્રવેશોત્સવ દરમ્યાન કરવામાં આવનાર છે.

રાજ્યમાં પ્રવેશોત્સવ દરમ્યાન શાળાના બાળકો માટે તિથિ ભોજન આપવાની જાહેરાતો સાથે સાથે આંગણવાડીના બાળકો માટેની રમકડા બેંક સમૃદ્ધ બને તે જોવા માટે પણ વિશેષ ભાર મુકવા માટે તંત્રને સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વખતે શાળા નામાંકનમાં વિદ્યાર્થીનીઓનું નામાંકન વધુ થાય તે માટે પણ કાળજી લેવા જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ દરમ્યાન ૨૨ હજાર જેટલા વિદ્યાર્થીઓને શાળાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદમાં રીક્ષા ચાલકોની હડતાળથી મુસાફરોને હાલાકી

## એક લાખ રીક્ષા ચાલકોએ જડબેસલાક બંધ પાડી ગુજરાત સરકાર સમક્ષ વિરોધ નોંધાવ્યો : રીક્ષા ચાલકો આક્રમક

અમદાવાદ,તા.૧૮

સીએનજીમાં અદાણી દ્વારા છાસ વારે થઈ રહેલા વધારાના વિરોધમાં આજે સમગ્ર અમદાવાદના રિક્ષાચાલકો હડતાળ પાડી છે. જેના કારણે હજારો મુસાફરો હાલાકી ભોગવી રહ્યાં છે. બીજી તરફ સીએનજીમાં ભાવ વધારો પાછો નહીં ખેંચાય ત્યાં સુધી મક્કમ પણે હડતાળ ચલાવી ચાલકો લડી લેવાના મૂડમાં હોય તેમ જણાઈ રહ્યું છે. અમદાવાદ ઓટો રીક્ષા ડ્રાયવર્સ યુનિયનો સાથે સંકળાયેલા અમદાવાદના રીક્ષા ચાલકોએ હડતાળ પાડી હતી. આશરે એક લાખ રીક્ષા ચાલકોએ બંધ પાડી પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. સરકાર ૪૮ કલાકમાં નિર્ણય નહીં કરે તો ૭૨ કલાક બંધ પાળવામાં આવશે. સીએનજી ભાવ વધારાની હડતાળમાં શહેરના તમામ રીક્ષા યુનીયન એક જુથ થયા છે અને જેના કારણે આજે સવારથી જ એક લાખથી વધુ રીક્ષાના પૈડા થમી ગયા છે. જેના કારણે પેસેન્જરોને પારાવાર મુશકેલીઓનો સામાનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ કોઈ પણ રીક્ષા ચાલક પેસેન્જરને બેસાડો તો તેની રીક્ષામાં તોડફોડ કરવાની નિતી નક્કી કરવામાં આવી છે. જેથી અંતરીયાળ વિસ્તારમાં પણ રિક્ષા ચાલકો પેસેન્જરોને બેસાડી રહ્યાં નથી. બીજી તરફ રીક્ષા ચાલકોની હડતાળને કારણે શહેરના તમામ રસ્તાઓ ખાલીખમ જણાતા હતા. મો માગ્યા પૈસા આપવા છતા પણ રીક્ષા ચાલકો પેસેન્જરને બેસડવા તૈયાર ન હતા જેથી હવે તો આર યા પારની નીતી પર રીક્ષા ચાલકો આવી ગયા હોય તેમ જણાઈ રહ્યું છે. રીક્ષાચાલકોએ જણાવ્યું હતું કે, આટલી મોઘવારીમાં સતત ભાવ વધારો કરી અદાણી દ્વારા અમને હડતાળ પર ઉતરવા મજબુર કરી રહ્યાં છે. અમારી સાથે પેસેન્જરોએ પણ હડતાળમાં જોડાવવું જોઈએ કેમ કે, ભાવ વધારો અમારા પર નહીં પરંતુ પેસેન્જર પર જ થવાનો છે. તેથી એક જુથ થઈ આ હડતાળને સફળ બનાવવી જોઈએ. નોંધનીય છે કે, એક જ વર્ષમાં સીએનજીના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થયો છે. જેના કારણે રીક્ષા ચાલકોની આવક પર માઠી અસર પડી રહી છે.

હાર્દિક અભિનંદન

અડાલજ ગામનું ગૌરવ

સાયન્સ પર્સેન્ટાઈલ રેન્ક : ૯૯.૩૮



| | |
|---|---|
| ફીઝીક્સ | : ૯૬ |
| કેમેસ્ટ્રી | : ૯૫ |
| બાયોલોજી | : ૯૪ |
| ગુજકેટ | : ૯૯ |

૯૫%

અડાલજ મેહુલ S/o સુરેશભાઈ આલજીભાઈ
ધોરણ-૧૨ સાયન્સ

ધોરણ-૧૨ સાયન્સમાં ૯૫% ગુણ પ્રાપ્ત કરી અડાલજ ગામનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...
આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ....

શુભેચ્છક
ડો. હિમાંશુ પટેલ
મંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
સિન્ડીકેટ મેમ્બર, ગુજરાત યુનિવર્સિટી
પૂર્વ ચેરમેન, ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક
ગામ - અડાલજ, તા. જી. ગાંધીનગર

We Create
News Paper Ads. • Logo - Symbol • Stationery
Hoarding • Banners • Poster
Invitation Card • Books • House Magazine
Creative Photography • Public Relations • Event Management

PARAM CREATIONS
707 Shalin Complex, Sector 11, Gandhinagar. Ph. : 079-23243644.
we design your desire...

ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

Group of Schools :
GANDHINAGAR | DEMAI | BAYAD

Join me in

UNIVERSITY of CAMBRIDGE
International Examinations
CAMBRIDGE INTERNATIONAL CENTRE

- નર્સરીથી ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)
- ધોરણ ૧૧/૧૨ માટે એ.સી. ક્લાસરૂમ
- કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંલગ્ન
- હોસ્ટેલની ઉત્તમ સુવિધા - ગર્લ્સ/બોયસ





★સ્કૂલ બ્રોશર અને CD માટે એડ્રેસ SMS કરો.

Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar
Phone No : 079 23976821-22-23 Mo : 9925017160
www.gipschool.com; e-mail - gips.school@yahoo.com